ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૦ ટકા

ગાંધીનગર તાપમાન

# પાટનગરમાં દૂધનાં કેરેટની ચોરીનું બેફામ ચાલતુ રેકેટ....!

## પરોઢીયે દૂધ કેન્દ્રો ઉપર ટ્રકમાંથી દૂધના કેરેટ ઉતરે અને કેન્દ્ર સંચાલક આવે ત્યાં સુધીમાં આખા કેરેટ ગાયબ થઈ જાય છે
## સે-૮માં પાંચ આખા કેરેટ ચોરી થઈ ગયા : સે-૨૬, ૨૭, સે-૩, ૫ અને ૮માં આ ગેંગ સક્રીય : પોલીસ નિષ્ક્રિય

ગાંધીનગર, તા.૨૩
રાજયના પાટનગરમાં વાહન ચોરી અને ટાયર ચોરી તો ઠીક હવે તો પરોઢીયે દૂધના કેરેટની ચોરીનું રેકેટ ચાલી રહ્યું છે. વહેલી પરોઢીયે ટ્રક મારફતે શહેરના અલગ અલગ સેકટરમાં દૂધ કેન્દ્રો ઉપર ગણતરી મુજબ દૂધના કેરેટ મુકી દેવામાં આવે છે. સવારે કેન્દ્ર સંચાલક આવે ત્યાં સુધીના ૧૫-૨૦ મિનિટના સમયગાળામાં દૂધના કેરેટ બિનવારસી પડયા રહેતા હોય છે. આ સમયગાળાનો લાભ લઈને દરરોજ અલગ અલગ સેકટરોના કેન્દ્રોને ટાર્ગેટ કરીને કોઈ ટોળકી દૂધના કેરેટની ઉઠાંતરી કરી બારોબાર વેચી મારવાનું રેકેટ બેફામ ચલાવી રહી છે. તો બીજી તરફ દૂધ કેન્દ્રના સંચાલકો અને દૂધ વાપરનારાઓની મંડળી દ્વારા પોલિસને અનેક વાર લેખિત રજુઆત કરી હોવા છતાં કોઈ ગેંગ પકડાતી નથી.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૮ રીંગ રોડ પરના એક દૂધ કેન્દ્ર




ઉપર આજે પરોઢીયે આ ટોળકી ત્રાટકી હતી. સવારે પાંચ વાગ્યે ટ્રકમાંથી દૂધના કેરેટ દૂધ કેન્દ્ર ઉપર ઉતર્યા અને સવા પાંચ વાગ્યાના અરસામાં દૂધ કેન્દ્ર સંચાલક આવ્યા તો કેરેટ ઓછા થઈ ગયેલા નજરે ચઢયા હતા. પંદર મિનિટ બિનવારસી પડેલા આ દૂધના કેરેટોને ટાર્ગેટ કરીને દૂધ ચોરતી ગેંગ દ્વારા પરોઢીયે એક સાથે પાંચ કેરેટ (દૂધની કોથળીઓ ભરેલા) ચોરી કરી લીધા હોવાનું ધ્યાને આવતા આ મામલો પોલિસ સ્ટેશન પહોંચ્યો હતો. સે-૭ પોલિસે દુધના કેરેટ મુકવા આવેલા ડ્રાઈવર અને કેન્દ્ર સંચાલકના નિવેદનો લીધા છે. અગાઉ સેકટર-૮ ઉપરાંત સે-૩, સે-૫, સે-૧૬, ૨૭ ખાતે પણ દુધના કેરેટની ચોરીના કિસ્સાઓ બન્યા છે. સે-૬ ખાતે તો દૂધ ચોરી મામલે મારામારીનો કિસ્સો પણ બન્યો હતો તો બીજી તરફ સે-૨૭ ખાતેના એક દૂધ કેન્દ્ર પરથી કેરેટ ચોર્યા હતા તે ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ છે. પરંતુ સ્કુટર પર આવેલા બે દૂધ ચોરો કોણ છે તે સ્પષ્ટ દેખાતા ન હોવાથી હજુ સુધી પકડાયા નથી. મળતી વિગત મુજબ છેલ્લા એક મહિનાથી દરરોજ કોઈને કોઈ સેકટરના એક દૂધ કેન્દ્ર ઉપરથી દૂધ ચોરીની ફરિયાદો આવી રહી છે. પોલિસે પરોઢિયે આ ગેંગને પકડવા એક ટીમ તૈયાર કરી છે તો બીજી તરફ દૂધ કેન્દ્રના સંચાલકો થોડા વહેલા આવે અને દૂધના કેરેટ બિનવારસી પડયા ન રહે તેનું ધ્યાન રાખે તો પણ આ સમસ્યાનો અંત આવી શકે તેમ છે.



સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની વિદ્યાર્થીનીઓ દ્વારા સે-૫ ખાતેની દિવ્યાંગ બાળકો માટેની મૂક-બધિર શાળામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવવા સાથે તેમની પાસે સ્વચ્છતા વિષયે ચિત્રો પણ દોરાવી તેમની કલ્પના શકિત ખિલવવા પ્રયાસ કરાયો હતો. સંસ્થાના અધ્યાપકો હેમાબેન પંડિત, નિકીતા પટેલ સહિત વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# સે-૧૨ સર્વ શિક્ષા અભિયાનની કચેરીમાં એસીબીનું છટકું

## કરાર આધારિત એકાઉન્ટ ઓફીસરે રસોઈના કોન્ટ્રાકટનું બિલ મંજુર કરવા લાંચ માંગી હતી : ૧૫૦૦ લેતા મહિલા અધિકારી રંગે હાથ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩
શહેરના સેકટર-૧૨ ખાતે બી.આર.સી. ભવનની પાસે આવેલી સર્વ શિક્ષા અભિયાનની કચેરીમાં ગાંધીનગર એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું. રસોઈનો કોન્ટ્રાકટ જે કોન્ટ્રાકટરે રાખ્યો હતો તેની પાસેથી રસોઈનું બિલ મંજુર કરવા કરાર ઉપર નોકરી કરતા વર્ગ-૨ મહિલા અધિકારી (એકાઉન્ટ ઓફીસર)એ રૂ. ૩ હજારની લાંચ માંગી હતી. એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને મહિલા અધિકારીને રૂ. ૧૫૦૦ની લાંચ લેતા રંગે હાથ પકડી પાડયા છે. ગાંધીનગર એસીબીની ટીમે મહિલા અધિકારીની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ સેકટર-૧૨ સ્થિત બીઆરસી ભવનની પાસે આવેલી સર્વ શિક્ષા અભિયાનની કચેરીમાં કરાર આધારે મીનાબેન થવરદાસ જેઠવાણી એકાઉન્ટ ઓફીસર તરીકે સેવા આપે છે. સર્વ શિક્ષા અભિયાનમાં રસોઈનો કોન્ટ્રાકટ જે કોન્ટ્રાકટરે રાખ્યો છે તેનું રસોઈનું બિલ મંજુર કરવામાં આવતું ન હતું. બિલ મંજુર કરવા આ મહિલા



અધિકારીએ રૂ. ૩ હજારની માંગણી કરી હતી. જે સંદર્ભે કોન્ટ્રાકટરે ગાંધીનગર એસીબીમાં ફરિયાદ કરતા આજે સર્વ શિક્ષા અભિયાનની કચેરીમાં જ છટકું ગોઠવવામાં આવ્યું હતું. રૂ. ૧૫૦૦ પહેલા અને રૂ.૧૫૦૦ કામ પત્યા પછી લેવાનું નક્કી થયું હતું. દરમિયાન રૂ. ૧૫૦૦ સ્વિકારતા મહિલા અધિકારી એસીબીના છટકામાં રંગે હાથ ઝડપાઈ ગયા છે. પીઆઈ. ડી.વી. પ્રસાદ અને કે.આર. ડાભીની ટીમે ટ્રેપ કરીને મહિલા આરોપીની ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

# વિધાનસભા નવીનીકરણનો ખર્ચ પાણીમાં ગયો...!!

ગુજરાતની ૧૪મી વિધાનસભાનું પ્રથમ સત્ર રૂ. ૧૩૫ કરોડના ખર્ચે નવા સાજ-શણગાર પામેલ અત્યાધુનિક સુવિધાયુકત અને સુશોભિત મકાનમાં યોજાઈ રહ્યું છે. વિધાનસભામાં રાજયભરમાંથી ચુંટાયેલા જનપ્રતિનિધિઓની કાર્યવાહી નિહાળવા અનેક નાગરિકો તથા વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આવે છે. નવીનીકરણ પામેલા વિધાનસભા સંકુલમાં મંત્રીઓ-ધારાસભ્યો વગેરે માટે તો તમામ સુવિધાઓ લગભગ હાથવગી જ રખાઈ છે પરંતુ મુલાકાતીઓ માટેની સુવિધા ગોતવામાં મુલાકાતીઓ ગોથાં ખાઈ જાય છે. હાલ ઉનાળાનો પ્રારંભ થવાની ઋતુ હોઈ બપોરના સમયે આકરો તડકો અનુભવાઈ રહ્યો છે તેવા સંજોગોમાં વિધાનસભાની મુલાકાત આવેલા શાળાના બાળકોને સંકુલમાં પીવાનું પાણી ના મળતાં તરસથી ત્રસ્ત બાળકો જેવા સંકુલની બહાર આવીન બગીચામાં છાંયડે આરામ કરવા બેઠાં ત્યાં તેમની નજર લૉનમાં છંટાતા પાણીના પાઈપ પર પડી. અને પછી તો પુછવું જ શું? એક પછી એક બધાં બાળકોએ બગીચામાં પીવડાવવાના પાણીથી પોતાની તરસ છીપાવી હતી. આ દશ્ય જોઈ વિધાનસભાના અન્ય મુલાકાતીઓ વિચારે ચઢયાં હતા કે 'નવીનીકરણ માટે ખર્ચેલા રૂ. ૧૩૫ કરોડ પાણીમાં જ ગયાં કે શું?'





ગાંધીનગર નિવાસી ૭૭ વર્ષીય જશુમતિ મનુભાઈ સાવલિયાનું ૨૩મી ફેબ્રુઆરીએ અવસાન થતાં તેમનું ચક્ષુદાન થતા દેહદાન લેવામાં આવ્યું હતું. વૃદ્ધાનું અવસાન થતાં તેમના પુત્ર ડૉ. નિલેશ સાવલિયાની સંમતિથી તેમજ સુકેતુ મહેતાની પ્રેરણાથી ચક્ષુદાન તથા ગાંધીનગર મેડીકલ કોલેજને વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે દેહદાન અર્પણ કરવામાં આવ્યું હતું. જુનિયર સિટિઝન્સ કાઉન્સિલના સહયોગથી ચક્ષુદાન માટે તબીબી સવા ડૉ. પ્રજ્ઞાંચી અને ડૉ. મેઘા દ્વારા આપવામાં આવી હતી તેમજ દેહદાન માટે ડૉ. હિરેન તથા ડૉ. ગુપ્તા દ્વારા સેવા આપવામાં આવી હતી. આ ઉપરાંત, જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ તરફથી હિતેષ રાવલ, દિલીપભાઈ, સન્નીભાઈ, રાજુભાઈ દ્વારા સેવા આપવામાં આવી હતી.

# સેકટર-૨ના બગીચામાં સિનિયર સિટીઝનને કયાં બેસવુ તે મુશ્કેલી..!

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર શહેરમાં નજર કરો ત્યાં બાંકડા ગોઠવવામાં આવ્યા છે. કોર્પોરેટરોની ગ્રાન્ટમાંથી દરેક વોર્ડ દીઠ જાહેર સ્થળો પર બાંકડા મુકવામાં આવ્યા હતા. હજ્જારો બાંકડાઓ શહેરમાં મુકવામાં આવ્યા હતા. એક તબક્કે તો શહેરની ઓળખ પણ બાંકડાનગર તરીકે ઉપસી આવી હતી. ત્યારે શહેરના સેકટર-૨ ના ગાર્ડનમાં પણ બાંકડા મુકવામાં આવ્યા હતા. જયાં દરરોજ સવાર સાંજ સિનિયર સિટીઝન બેસતા હતા. પરંતુ હાલની સ્થિતિ પ્રમાણે સિનિયર સિટીઝનોને કયાં બેસવુ તે પ્રશ્ન સતાવી રહ્યો છે. ગાર્ડનમાં મોટાભાગના તમામ બાંકડા તુટી ગયા છે. સેકટરના વસાહતીઓએ તંત્ર અને સ્થાનિક કોર્પોરેટરને જણા કરવા છતા વડીલોની વાત કોઈને



સંભળાતી નથી.

સેકટર-૨ ના ગાર્ડનમાં બાંકડાઓની દુર્દશા જોવા મળી રહી છે. બગીચામાં રહેલા બાંકડાઓ મોટાભાગના તુટી ગયા છે. આ બાંકડા નગર તરીકે ઓળખાતા શહેરમાં સેકટર-૨ ના વડીલોને બગીચામાં બેસવુ કયાં તે પ્રશ્ન સતાવી રહ્યો છે. શહેરમાં મનપા તંત્ર દ્વારા બાંકડા મુકવામાં આવ્યા હતા, જેમાં નગરના મુખ્ય માર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગો સહિત જાહેર સ્થળોએ જરૂરીયાત પ્રમાણે બાંકડા કોર્પોરેટર દ્વારા મુકવામાં આવ્યા હતા. ત્યારે બગીચામાં મુકવામાં આવેલા બાંકડા પર સેકટરના વડીલો તેમજ દરેક વ્યકિત શાંતિથી બેસતા હતા. ત્યારે સેકટર-૨ના બગીચામાં બાંકડા તુટી જતા વડીલોને બેસવાની તકલીફ ઉભી થઈ છે. વડીલોએ વારંવાર તંત્ર અને સ્થાનિક કોર્પોરેટને વાત કરી હોવા છતા કોઈ વડીલોની વાત તંત્રના બહેરા કાને સંભળાતી નથી તો કોર્પોરેટના કાને જઈને પણ વાત અથડાઈને પરત ફરે છે.ત્યારે સેકટર-૨ ના વડીલોની વેદના છે કે તંત્ર દ્વારા સત્વરે બગીચામાં નવિન બાંકડા મુકવામાં આવે નહી તો વડીલોને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.

# જી.ઈ.બી. એન્જિનીયર્સ એસોસિએશન પગાર મુદ્દે આક્રમક આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૩
જી.ઈ.બી.એન્જીનિયર્સ એસોસિએશન દ્વારા સતત છેલ્લા દોઢ વર્ષથી ગુ.ઉર્જા.વિ.નિગમ લિમીટેડને પગાર સુધારણા અંગે રજુઆતો તેમજ બેઠકો કરવા છતા આજ દિન સુધી ૫૫૦૦ ઈજનેરોના પગારમાં કોઈ ફેર પડ્યો નથી. જેને પગલે એન્જીનિયર્સ એસોસિએશનના સભ્યો લાલઘુમ થયા છે. જુનિયર ઈજનેરથી ચીફ ઈજનેર સુધીના તમામના સમગ્ર પગારના રિવીઝન અને નવા પગાર ધોરણ મંજુર કરવા ગત તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ ગુજરાત ઉર્જાવિકાસ નિગમ લિ.ને હડતાલની નોટીસ નિયમ અનુસાર પાઠવી છે. જયારે આગામી તા.૭ માર્ચ થી વિવિધ કાર્યક્રમો આપવામાં આવશે. જયારે ૨૬ માર્ચ થી અચોક્કસ મુદતની હડતાળનું શસ્ત્ર ઈજનેરો દ્વારા ઉગામવામાં આવશે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.ને પાઠવવામાં આવેલ નોટીસમાં નવા પગારપંચને અંતર્ગત પગાર સુધારણા, એલાઉન્સ, નિવૃતિની વય મર્યાદા ૫૮ થી ૬૦ વર્ષ કરવી, પાનેન્દ્રો પાવર હાઉસને મળતા વિશેષ હાયર ગ્રેડ પુનસ્થાપિત કરવા, શીફટમાં કામ કરતા ઈજનેરો શીફટ એલાઉન્સ આપવા, પોષ્ટ રીટાયર્ડમેન્ટ મેડીકલ બેનીફીટ સ્કીમ મંજુર કરવા, ઈ.એલ.એન્કેસમેંન્ટ ચાલુ કરવા, અને ઈ.એલ. જમા કરવાની મર્યાદા વધારવી તેમજ પેન્શન યોજના લાગુ કરવા જેવા પ્રાણ પ્રશ્નોનો સમાવેશ થાય છે. જી.ઈ.બી. એન્જીનિયર્સ એસોસિએશનના આ પડતર પ્રશ્નનો ઉકેલ તંત્ર દ્વારા સત્વરે નહી લાવવામાં આવે તો તા.૭મી માર્ચથી શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ૧૦૦૦ ઈજનેરો ઉગ્ર લડતના મંડાણ કરશે. આ અંગે જીઈબી એસોસિએશનના જનરલ સેક્રેટરી વિરભદ્રસિંહ રાણા જણાવે છે કે નોટીસમાં કીધુ છે કે તા.૭ માર્ચથી તમામ સર્કલ ઓફિસ, ઝોનલ કચેરીઓ, વડી કચેરીઓ, સહિત પાવરપ સ્ટેશનમાં શાંતિ પૂર્વક દેખાવ કરવામાં આવશે તેમજ નિયમ મુજબ વર્ક-ટુ-રૂલ પાલન કરવુ, તા.૧૪ માર્ચના રોજ ૧૦૦૦ ઈજનેરોની હાજરીમાં પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ યોજાશે. જો વહીવટી તંત્ર દ્વારા માંગણીઓનો સ્વીકાર કરી પગાર સુધારણા અને અન્ય મુદાઓ સ્વીકારવામાં નહીં આવે તો તા.૨૬ માર્ચના રોજ થી અચોક્કસ મુદતની હડતાલ પર ઈજનેરોને જવાની ફરજ પડશે.



શહેરની બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને વિવિધ ઔદ્યોગિક એકમોની પ્રત્યક્ષ મુલાકાત થકી બીઝનેસ એડમિનિસ્ટ્રેશનના ગુણો શીખવાની તક પુરી પાડવામાં આવે છે. ગાંધીનગર નજીકના સાંતેજ ખાતે શાહ એલોય્ઝ કંપનીની મુલાકાત લઈ વિદ્યાર્થીઓએ ઉત્પાદનથી માંડીન ઉત્પાદનના પેકિંગ અને સમગ્ર પ્લાન્ટ તેમજ પ્રોડકક્ષન પ્રક્રિયાનું ઝીણવટથી મુલ્યાંકન કર્યું હતું.

## આયુર્વેદીક અને હોમિયોપેથી દવાખાનાઓમાં મંગળવારે સુવર્ણપ્રાશન

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર જિલ્લાની તમામ આયુર્વેદ અને હોમિયોપેથી હોસ્પિટલમાં બાળકોને પુષ્યનક્ષત્રમાં આગામી તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૬ કલાક સુધીમાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે. જિલ્લાના મહત્તમ બાળકો આ કેમ્પનો લાભ લે તે માટે જિલ્લા આયુર્વેદ અધિકારીએ અનુરોધ કર્યો છે.




ગાંધીનગર તાલુકા પંચાયત ચુંટણીના મતગણરી કેન્દ્ર ખાતે સૌ પ્રથમવાર ઠંડા મીનરલ પાણીની વ્યવસ્થા ભાજપ દ્વારા કરવામાં આવી હતી ત્યારે સૌ કાર્યકરો, પોલિસતંત્ર તેમજ ત્યાંથી પસાર થતાં નાગરિકોએ પણ ઠંડા પાણી પીવાનો લાભ લીધો હતો ત્યારે તસવીરમાં ઉમેદવારોના સમર્થકો પાણી પીતાં નજરે પડી રહ્યા છે.

## @ગાંધીનગર

● અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા સ્વ. ભાનુપ્રસાદ વણકરને શ્રધ્ધાંજલિ બપોરે ૩.૩૦ કલાકે ડૉ. આંબેડકર હોલ, સે-૧૨ ખાતે અપાશે.

● ગુજરાત સાહિત્ય અકાદમી અને સરકારી વિનયન કોલેજના ઉપક્રમે ભાષા સાહિત્ય રાષ્ટ્રવાદ વિષય પર બે દિવસીય પરિસંવાદ યોજાશે.

## આજે આર.જી. પટેલ શાળામાં શુભેચ્છા સમારંભ અને આનંદમેળો

ગાંધીનગર, તા.૨૩
કડી સર્વ વિદ્યાલય સંચાલિત આર.જી. પટેલ માધ્યમિક અને એસ.બી. પટેલ શાળા દ્વારા આજે શનિવારે બપોરે ૧.૩૦ થી ૩.૦૦ કલાક દરમિયાન શુભેચ્છા સમારંભ તથા આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ નજીક આવી રહી છે ત્યારે શેઠ ખિમજી વિસરામ હોલમાં વિદ્યાર્થીનીઓ માટે શુભેચ્છા સમારંભ યોજાશે. આ ઉપરાંત, બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન શાળાના કેમ્પસમાં આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજનો બાળ રમતોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૩
ગાંધીનગર પ્રજાપતિ સમાજમાં બારમા બાળરમતોત્સવનું આયોજન ૨૫મી ફેબ્રુઆરીને રવિવારે સેકટર-૧૬ની મહાત્મા ગાંધી શાળામાં કરવામાં આવ્યું છે. રમતોત્સવમાં ભાગ લેનારા સર્વે સ્પર્ધકોએ રવિવારે સવારે પ્રજાપતિ સમાજના કાર્યાલય ઉપર ૮.૩૦ વાગે રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે.

## સંસ્કાર ગૃપ દ્વારા સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા.૨૩
શહેરમાં જ્ઞાન, ગમ્મત અને વિકાસલક્ષી કાર્યો કરતા સંસ્કાર ગૃપ દ્વારા ૨૫મી ફેબ્રુઆરીને રવિવારે સાંજે ૬.૧૫ કલાકે સેકટર-૭ના બગીચામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કાર ગૃપ દ્વારા રવિવારે સાંજે સેકટર-૭ના બગીચામાં 'સ્વચ્છતામાં પ્રભુતા' શ્રમકાર્ય યોજાશે. આ ઉપરાંત, રમતો અને વાર્તાવાંચન પણ કરવામાં આવશે. ત્યારબાદ સંસ્કાર ગૃપ દ્વારા અલ્પાહાર પણ આપવામાં આવશે.

## લીંબડીયા કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૨૩
ડભોડા નજીક આવેલા લીંબડીયા ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ગઈ કાલે એક અજાણ્યા યુવાનનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. આશરે ૨૨ થી ૨૫ વર્ષીય યુવાનના મૃતદેહને



બહાર કઢાવી ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે. યુવાને આપઘાત કર્યો હોવાથી આશંકાને આધારે પ્રાથમિક તબક્કે તપાસ ચાલી રહી છે. ડભોડા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી મૃતકની ઓળખ તથા તેના વાલીવારસની શોધખોળ માટે તજવીજ શરુ કરી છે.

## ચિરવિદાય

● સ્વ. બ્રિજેશકુમાર હસમુખલાલ સોની, ઉ.વ. ૫૦
● સ્વ. બાબરજી સોમાજી ઠાકોર, ઉ.વ. ૬૮